પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૩૦ | ૩૧ ઓક્ટોબર, ૨૦૧૭, મંગળવાર ; કારતક સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

### યુપીમાં પણ પાણી બીલ માફ કરીશુ : આપ

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓની જાહેરાત થતાં જ ઉત્તરપ્રદેશમાં પ્રચારમાં તેજી આવી છે. આમ આદમી પાર્ટીએ ઉત્તરપ્રદેશની સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ મામલે ઘોષણાપત્ર જાહેર કરી અનેક યોજનાઓ જાહેર કરી છે. જેમાં પાણીબીલ માફી અને વીજળીના ભાવમાં કપાતનો સમાવેશ થાય છે.

### ઉત્તરપ્રદેશના મદ્રેસાઓમાં એનસીઆરટીનો સીલેબસ ભણાવાશે

ઉત્તરપ્રદેશમાં ધાર્મિક શિક્ષણ આપતા મદ્રેસાઓના રજીસ્ટ્રેશન બાદ તેના અભ્યાસક્રમમાં એનસીઆરટીના પુસ્તકોનો સમાવેશ કરવાનો નિર્ણય લેવાયો છે. જો કે અહીં અપાતા ધાર્મિક શિક્ષણમાં કોઈ ફેરફાર નહી થાય.

### કાશ્મીરમાં મોટાપાયે તલાશી અભિયાન

ઉત્તર કાશ્મીરમાં કેટલાક વિસ્તારોમાં આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતીના પગલે સુરક્ષાદળોએ સઘન તલાશી અભિયાન શરૂ કર્યુ છે. આ તલાશી અભિયાનમાં જમ્મુ-કાશ્મીર પોલીસ અને સેનાએ ભાગ લીધો.

# ત્રાસવાદી ઘુસણખોરી નહી ચલાવાય

## હોટલાઈન ઉપર વાતચીત વેળા ભારતની પાકિસ્તાનને ચેતવણી : જુલાઈ-સપ્ટેમ્બર બાદ ફરીવાર ભારત અને પાકિસ્તાનની વચ્ચે ડીજીએમઓ સ્તરની વાતચીત : નાગરિકોને ક્યારે ટાર્ગેટ બનાવાશે નહીં : ભારતની ખાતરી



નવી દિલ્હી,તા. ૩૦

ભારત અને પાકિસ્તાનમાં ડીજીએમઓ (ડિરેક્ટર જનરલ ઓફ મિલેટ્રી ઓપરેશન)ની હોટ લાઈન ઉપર વાતચીત થઈ હતી. આ વાતચીત પહેલાથી નક્કી કરવામાં આવી ન હતી. પાકિસ્તાન તરફથી આ વાતચીત માટે અપીલ કરવામાં આવી હતી. આ અગાઉ જુલાઈ અને સપ્ટેમ્બર મહિનામાં પણ બંને દેશો વચ્ચે ડીજીએમઓની એકાએક વાતચીત થઈ હતી. ડીજીએમઓ સ્તરની વાતચીતમાં ભારતે પાકિસ્તાનને સાફ શબ્દોમાં કહ્યું હતું કે, ત્રાસવાદી પ્રવૃત્તિને કોઈપણ કિંમતે ચલાવી લેવામાં આવશે નહીં. ઘુસણખોરીને પણ કોઈ કિંમતે ચલાવી લેવામાં આવશે નહીં. આજે દિવસમાં બપોરના ગાળામાં બે વાગે વાતચીત થઈ હતી. પાકિસ્તાનના ડીજીએમઓએ આક્ષેપ કરતા કહ્યું હતું કે, ભારતીય સુરક્ષા દળોએ અંકુશરેખા ઉપર કોઈપણ ઉશ્કેરણીવગર ગોળીબાર કર્યો છે. ભારતના ડીજીએમઓ લેફ્ટી જનરલ એકે ભટ્ટે પાકિસ્તાનના ડીજીએમઓ સમક્ષ ભારપૂર્વક કહ્યું

● અનુસંધાન પાન-૬ પર

# કલમ ૩૫એ અંગે ચુકાદો સુપ્રીમ કોર્ટે મોકૂફ રાખ્યો

## ત્રણ મહિના સુધી ચુકાદો મોકૂફ કરી દીધો : ચુકાદાને લઇને કોઇપણ પ્રકારની હિંસા ન થાય તે માટે જમ્મુ કાશ્મીર સહિત કેટલાક ભાગોમાં સુરક્ષા ગોઠવાઈ

નવી દિલ્હી,તા. ૩૦

સુપ્રીમ કોર્ટે આજે જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપનાર કલમ ૩૫એ અંગે તેનો ચુકાદો ત્રણ મહિના માટે મોકૂફ કરી દીધો છે. કેન્દ્ર સરકાર તરફથી એટર્ની જનરલ કેકે વેણુગોપાલે તર્કદાર દલીલો કરી હતી. આ મુદ્દા ઉપર છ મહિનાના સમયની માંગ કરી હતી. જમ્મુ કાશ્મીરના નિવાસીઓના વિશેષાધિકાર અને ખાસ અધિકારો સાથે સંબંધિત આ કલમને લઈને સુપ્રીમ કોર્ટના ચુકાદા ઉપર તમામની નજર હતી. હવે કલમ ૩૫એ અંગે તેનો ચુકાદો ત્રણ મહિના માટે મોકૂફ કરી દેવામાં આવ્યો છે. અગાઉ સુપ્રીમ કોર્ટે આ ચુકાદા માટે આઠ સપ્તાહ અથવા તો બે મહિનાનો સમય નક્કી કર્યો હતો પરંતુ તેમાં સુધારો કરવામાં આવ્યો છે. કલમ ૩૫એની બંધારણીય કાયદેસરતાને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી શ્રેણીબદ્ધ અરજીઓને લઈને ત્રણ જજની બેંચ દ્વારા સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કલમ ૩૫એ ખાસ અધિકારો અને વિશેષાધિકાર સાથે સંબંધિત છે. વર્ષ ૧૯૫૪માં રાષ્ટ્રપતિના આદેશ દ્વારા બંધારણમાં આને ઉમેરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. દિલ્હી સ્થિત એનજીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ઉપર વિસ્તારપૂર્વક ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ અરજી કરવામાં આવ્યા બાદ વહેલીતકે સુનાવણીની માંગ કરવામાં આવી હતી. કાશ્મીરી અલગતાવાદી નેતાઓ દ્વારા ચેતવણી આપવામાં આવી હતી કે, જો સુપ્રીમ કોર્ટ અરજીદારોની તરફેણમાં ચુકાદો

# ઓબીસી વર્ગના કલ્યાણની નવી યોજનાઓ આજકાલમાં

## યોજનાઓને નવા ક્લેવર સાથે રજૂ કરવા તખ્તો તૈયાર : ઓબીસી વિદ્યાર્થીઓ માટે રહેવાના શ્રેષ્ઠ હોસ્ટેલોની સાથે સ્કોલરશીપ આપવા યોજના : વિદ્યાર્થીઓને બેડની સાથે સ્ટડી ટેબલ અને ખુરશીની પણ વ્યવસ્થા

નવી દિલ્હી,તા. ૩૦

ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓબીસી વર્ગને પ્રભાવિત કરવા માટે સમાજ કલ્યાણની કેટલીક યોજનાને નવા ક્લેવરમાં રજૂ કરવાની તૈયારી કરી લીધી છે. ઓબીસી વિદ્યાર્થીઓ માટે રહેવાની શાનદાર જગ્યાની સાથે સાથે સ્કોલરશીપ આપવાના વિકલ્પ પર તૈયારી કરી લેવામાં આવી છે. સમાજ કલ્યાણ મંત્રાલય દ્વારા આના માટે સંપૂર્ણ તૈયારી કરી લેવામાં આવી છે. સમાજ કલ્યાણ મંત્રાલય કેટલીક નવી યોજના ઓબીસી વર્ગના વિદ્યાર્થીઓ માટે લાવનાર છે. મંત્રાલય આની સાથે સાથે એવી પણ ખાતરી કરશે કે તમામ યોજનાનો લાભ જરૂરીયાતવાળા ઓબીસી વિદ્યાર્થીઓને સરળ રીતે મળી શકે. આ પહેલની પાછળ મંત્રાલયના પ્રયાસ છે કે વધુને વધુ ઓબીસી વર્ગને લાભની હદમાં લાવવામાં આવે. મંત્રાલય આના માટે નવી નવી હોસ્ટેલના નિર્માણ માટે માર્ગદર્શન પણ જારી કરશે. મંત્રાલયની માર્ગદર્શિકા મુજબ નવી હોસ્ટેલ વધુ સારી ગુણવત્તાવાળી તો રહેશે. સાથે સાથે ઉર્જા બચાવનાર પણ હેશે. આ ઈમારતમાં તમામ સુવિધા રહેશે. જેમાં મોટા રૂમ, અલમારી અને શૌચાલય પણ રહેશે. વિદ્યાર્થીઓની સાથે બેડની સાથે સ્ટડી ટેબલ અને ખુરશી પણ રહેશે. હાલમાં બન્ને રાજ્યોમાં ઓબીસી વિદ્યાર્થીઓને મળી રહેલી હોસ્ટેલની સુવિધા ખરાબ હાલતમાં છે. યોજનાના ભાગરૂપે સ્કુલ ડ્રોપઆઉટ રેટ પણ

● અનુસંધાન પાન-૬ પર




અનામત મામલે મંત્રણા - ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના હોદ્દેદારો સાથે પાટીદાર અનામત આંદોલન સમિતિના હોદ્દેદારોની સંયુક્ત બેઠક અનામત અને આનુષાંગિક બાબતોના વિચારણા માટે મંત્રણાઓ યોજાઈ હતી... પાંચમાંથી ચાર મુદ્દા સ્વીકાર્યાની કોંગ્રેસે અને પાસના કન્વીનર હાર્દિક પટેલે જાહેરાત કરી હતી... અનામતના મુળભૂત પ્રશ્ને તજજ્ઞોનું માર્ગદર્શન મેળવી છઠ્ઠી પહેલા જાહેરાત કરાશે એવી હૈયાધારણ કોંગ્રેસે આપી હતી....

# ‘પાસ’ની ચાર માંગણીને કોંગ્રેસે સ્વીકારી

## અનામતના મામલે વાતચીતમાં કોઇ પરિણામ આવ્યું નહીં બંધારણીય મુદ્દો હોવાથી નિષ્ણાતોની જરૂરી સલાહ લેવાશે

અમદાવાદ, તા.૩૦

ગુજરાત કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ અને પાસના નેતાઓ સાથે આજે એક ખૂબ જ મહત્વની બેઠક બંધબારણે યોજાઈ હતી. જેમાં કોંગ્રેસે પાસના નેતાઓની પાંચ માંગણીઓ પૈકી ચાર માંગણીનો સ્વીકાર કરી લીધો હતો અને તેની સત્તાવાર જાહેરાત પણ કરી હતી. જો કે, અનામત મુદ્દે બંને પક્ષે ગહન ચર્ચા થવા છતાં કોઈ નિષ્કર્ષ નીકળ્યો ન હતો. અનામતનો મુદ્દો ટેકનીકલ અને બંધારણીય મુદ્દો હોઈ નિષ્ણાત તજજ્ઞોની સલાહ લેવામાં આવશે એમ અત્રે ગુજરાત કોંગ્રેસના સિનિયર નેતા સિધ્ધાર્થ પટેલ અને પાસના નેતા અલ્પેશ કથીરીયાએ જણાવ્યું હતું. આ બંને મહાનુભાવોએ કરેલી પત્રકાર પરિષદમાં સ્પષ્ટ કર્યું હતું કે, કોંગ્રેસે પાસના નેતાઓની જે ચાર માંગણીઓ સ્વીકારી છે તેમાં પાટીદાર અનામત આંદોલન દરમ્યાન પોલીસ દ્વારા પાટીદાર સમુદાયના લોકો ખાસ કરીને મહિલાઓ, બાળકો પર જે

● અનુસંધાન પાન-૬ પર

# કોંગ્રેસ સાથેની બેઠકને સકારાત્મક ગણાવતા પાસના કન્વીનર હાર્દિક પટેલ

## ભાજપની સરકાર લોકોને ગેરમાર્ગે દોરી રહી છે : હાર્દિક

અમદાવાદ, તા.૩૦

કોંગ્રેસ અને પાસના નેતાઓ વચ્ચે યોજાયેલી બેઠકમાં પાસની ચાર માંગણીઓ સ્વીકારાયા બાદ માત્ર અનામત મુદ્દે વાત અધૂરી રહી હોવાના ડેવલપમેન્ટ બાદ પાસના યુવા નેતા હાર્દિક પટેલે પત્રકાર પરિષદ યોજી પોતાની પ્રતિક્રિયા આપી હતી અને કોંગ્રેસ સાથેની બેઠકને સકારાત્મક ગણાવી હતી. હાર્દિકે જણાવ્યું હતું કે, કોંગ્રેસે વલણ સ્પષ્ટ કર્યું છે. આગામી બે-ત્રણ દિવસમાં અનામતના મુદ્દે કોંગ્રેસની સાથે ચર્ચાની શકયતા છે. કોંગ્રેસ સત્તામાં નથી છતાં અમારી વાત સાંભળી અને મહદ્અંશે માંગણીઓ તો સ્વીકારી. પરંતુ ભાજપે તો અમારી વાત સાંભળી જ નથી, ભાજપ બધાને બેવકૂફ બનાવી રહી છે. ભાજપ ગુજરાતની પ્રજાને મૂર્ખ ગણે છે પરંતુ ભાજપને ખબર નથી કે, ગુજરાતની પ્રજા શાણી છે, તે વિધાનસભા ચૂંટણીમાં સામાજિક અને રાજનૈતિક પરિવર્તન લાવી જવાબ આપશે. કોંગ્રેસે તેનું વલણ સ્પષ્ટ કરતાં અને આજની બેઠક હકારાત્મક રહેતા તા.૩જી નવેમ્બરના રાહુલ ગાંધીના કાર્યક્રમનો વિરોધ કરવાનું મોકૂફ રખાયું છે તેવી જાહેરાત કરતાં હાર્દિક પટેલે વધુમાં જણાવ્યું હતું કે, પાટીદારો પર અત્યાચારના મામલે સીટની રચના અને કસૂરવારો સામે કાયદાકીય કાર્યવાહી, રાજદ્રોહ સહિતના તમામ કેસો પાછા ખેંચાય, આંદોલન દરમ્યાન શહીદ થયેલા

● અનુસંધાન પાન-૬ પર


ટચુકડી જાહેર ખબર

દર રવિવારે જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧,

ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

